તા. ૦૮.૦૧.૨૦૨૫, પાના નં.૦૧

દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ)

# 9મીએ મેટ્રો ટ્રેનની સેવા 5 કલાક માટે બંધ રહેશે

## સેફ્ટી સુપરવિઝનને કારણે સેવા સ્થગિત

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

અમદાવાદ- ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રો રેલનો હવે મહત્તમ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે અને ડેઈલી અપડાઉન કરનાર કર્મચારીઓ માટે સૌથી અગત્યની સુવિધા બની ગઈ છે ત્યારે સેફ્ટીને લગતા સુપરવિઝનને કારણે 9મી જાન્યુઆરીના રોડ એક દિવસ માટે મેટ્રો ટ્રેનની સેવાઓ સવારે 10.40થી સાંજે 4 વાગ્યા સુધી બંધ રાખવામાં આવનાર છે. આ સમય દરમિયાન મેટ્રોની ટ્રેન સેક્ટર-1 સ્ટેશન પરથી ઉપડશે નહીં કે અમદાવાદથી ગાંધીનગર તરફ આવશે નહીં.

મેટ્રો રેલ તંત્રના જણાવ્યા પ્રમાણે કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા તા. 9મી જાન્યુઆરી 2025ના રોજ, ફેઝ-2 કોરિડોરના મોટેરા સ્ટેડિયમથી સેક્ટર- 1 અને જીએનએલયુથી ગિફ્ટસિટી મેટ્રો સ્ટેશન સુધીના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને, મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ સવારે 10.40 કલાકથી સાંજના 4 વાગ્યા સુધી સ્થગિત રહેશે.

સેક્ટર-1થી મોટેરા સ્ટેડિયમ માટેની છેલ્લી ટ્રેન 9મી જાન્યુઆરીએ સવારે 10 કલાકે ઉપડશે અને જીએનએલયુથી ગિફ્ટ સિટી માટે સવારે 9.45 કલાકે ઉપડશે. સાંજના 4 વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 અને જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધી મેટ્રો ટ્રેન સેવાઓ હાલના સમયપત્રક મુજબ રાબેતા મુજબ કાર્યરત થઈ જશે.